વિદ્યાર્થીઓનો ઓરિએન્ટેશન રંગારંગ કાર્યક્રમ

@ ગાંધીનગર...

- સેક્ટર-૨૩, નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે.
- સેક્ટર-૨૯, બી.એ.પી.એસ. મહિલા મંડળની બેઠક વર્ષાબેન બ્રહ્મક્ષત્રિયના નિવાસસ્થાન સે. ૨૯ તન્મય એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧ ખાતે યોજાશે.
- ગાંધીનગરના પત્રકાર દશરથભાઈ લીમ્બાચિયા આજે જન્મદિવસ મનાવશે.
- ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના નવા કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.
- ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિ દ્વારા નવા કાર્યાલય જીવરાજ મહેતા ભવન બ્લોક નં. ૧૩ ખાતે સવારે ૧૧.૦૦ વાગે સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે.
- મીડિયા ફેડરેશન ગાંધીનગર તેમના પ્રશ્નોને લઈને માહિતી કમિશનરને રજૂઆત કરશે.

- દિલીપ પ્રજાપતિ
9725647197

ધો-૪ વાલીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળામાં અભ્યાસ કરતી ધો-૪ની વિદ્યાર્થીનીઓના વાલીઓની એક ચિંતન શિબિરનું આયોજન તા. ૨૫-૭-૨૦૧૫ને શનિવારના રોજ ફાર્મસી કેમ્પસમાં આવેલ બ્રહ્માણીકૃપા હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. 'વર્ષાઋતુ થીમ' આધારિત ડાન્સ વિદ્યાર્થીની બહેનોએ રજુ કર્યો હતો.

હાલીસામાં સ્વ રક્ષણ તાલીમ યોજાઈ

તાજેતરમાંજ ગાંધીનગર તાલુકાના હાલીસા ગામમાં સુરક્ષસેતુ સોસાયટી,ગાંધીનગર અને આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટનાં સહયોગથી પગાર પે કેન્દ્ર શાળા અને માધ્યમિક શાળા,હાલીસા તેમજ સાંણોદા -થમિક માધ્યમિક શાળા અને નાંદોલ માધ્યમિક -થમિક શાળા, મહર્ષિ ગુરુકુળ, બોરીજ ની આશરે ૮૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ, શિક્ષિકા બહેનોને સ્વરક્ષણની તાલીમ અપાઈ ગઈ. જેનો સામુહિક નિદર્શન અને -માણપત્ર વિતરણનો કાર્યક્રમ ૨૫/૦૭/૨૦૧૫ના રોજ હાલીસા ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાનાં એ.એસ.પી.શ્રી કરણસિંહ વાઘેલા, સુરક્ષસેતુ સોસાયટીના કન્વીનર શ્રી પી.સી.વાલેરા, આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટના -મુખ કિલ્લોલબેન સાપરીયા, હાલીસા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી અભેસિંહ ઠાકોર, હાલીસા કેળવણી મંડળનાં -મુખ શ્રી કોદરભાઈ દેસાઈ, દહેગામ પી.એસ.આઈ શ્રી એસ.ડી. સિસોદીયા, હાલીસા માધ્યમિક શાળાના આચાર્ય શ્રી રમણભાઈ પટેલ, હાલીસા -થમિક શાળાનાં આચાર્ય શ્રી ભરતભાઈ દેસાઈ, નાંદોલ શાળાના આચાર્ય શ્રી વી.ડી

દેસાઈ, બોરીજ શાળાના આચાર્ય શ્રી ચૌધરી જગદીશભાઈ વિદ્યાર્થીનીઓને -ોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીનીઓએ તેમણે હસ્તગત કરેલ સ્વરક્ષણની કળામાં પંચ, બ્લોક, કીક્સ, પાર્ટનરમાં ટેકનીક્સ જેવા કૌશલ્યોના નિદર્શનથી શાળા પટાંગણમાં ઉપસ્થિત મહેમાનો સહીત સર્વેનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.

નિદર્શન નિહાળ્યા બાદ એ.એસ.પી. શ્રી કરણસિંહ વાઘેલાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે સ્વરક્ષણની કળાને દીકરીઓએ ખુબજ સુન્દર રીતે આત્મસાત કરી છે. પોલીસ બધી જગ્યાએ પોહચી વળતી નથી અને બહેનોની છેડતીના, શારીરિક માનસિક ત્રાંસ જેવા કિસ્સાઓ જયારે બની રહ્યા છે ત્યારે ગૃહખાતા ધ્વારા અમલમાં આવેલ સુરક્ષાસેતુ સોસાયટી અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવાની વાત ને -થમ શ્રેણીમાં રાખવામાં આવી છે. જેથી કરીને વિકટ પરિસ્થિતિમાં દીકરીઓ જ પોતાનું રક્ષણ કરવા જેતે સમયે સક્ષમ હોય. નિદર્શન નિહાળ્યા બાદ તેમણે ખુબજ આનંદની લાગણી વ્યક્ત કરતા સહયોગી સંસ્થા આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટને ઉંમદા -શિક્ષણ આપવા બદલ અભિનંદન આપ્યા હતા. હાલીસા, સાંણોદા, નાંદોલ, બોરીજ માં ૧૫ દિવસની સઘન સ્વરક્ષણની તાલીમ ઈન્સ્ટ્રક્ટર પાર્થ જી શિન્દે અને ગીતા જી ચૌધરી ધ્વારા આપવામાં આવેલ હતી. અંતમાં કાર્યક્રમની આભારવિધિ હાલીસા માધ્યમિક શાળાના આચાર્ય શ્રી રમણભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન આર્યોદય ચેરીટેબલ ટ્રસ્ટનાં સ્વરક્ષણ તાલીમના ટેકનીકલ ચેરપર્સન -ીતી હરજીવનભાઈ પટેલે કર્યું હતું.

વાત વાતમાં...

● દિવસભર અષાઢી મેહુલિયો અવિરત વરસતા કેટલાક નગરજનોએ ઘરે લાપસી, શિરો કે કંસાર બનાવી વધાવ્યો હતો. દિવસ દરમિયાન ઓફિસોમાં કામકાજ પણ મંદા રહેવાથી કર્મચારીઓએ ભજીયાં-દાળવડાંની મિજબાનીઓ પણ માણી હતી.

● આજે સેકટર-૪માં એક વૃક્ષ ધરાશાયી થયું હતું. વન વિભાગને આ બાબતની જાણ થાય તે પહેલા તો આ વૃક્ષના તમામ ડાળા અને થડ સુધ્ધાં કપાઈને કયાં સગવગે થઈ ગયા તેની ખબર જ ના પડી.

● આજના વરસાદી માહોલથી એકલા નગરજનો જ નહી પરંતુ સેકટર-૩માં વાંદરાનું ટોળુ પણ રોમાંચિત થઈ ગયું હતું. આ વાંદરાઓના વધુ પડતા રોમાંચે તેમને તોફાને ચઢાવ્યા હતા અને જેના કારણે સેકટરના રહીશો ભયભીત થવાની સાથે ત્રાહીમામ પોકારી ગયા હતાં.

● નગરમાં આજે ગૌરીવ્રતનો મંગલ પ્રારંભ થયો હતો અને સવારથી જ કુમારીકાઓ રંગબેરંગી પોષાકમાં સજ્જ થઈ ગોરમાને પૂજવા નીકળી પડતા માહોલ વધુ આલ્હાદક અને ઉલ્લાસપૂર્ણ બની જવા પામ્યો હતો. જો કે પ્રથમ દિવસે જ અવિરત વર્ષા ચાલુ રહેવાથી કુમારિકાઓ થોડી નિરાશ જણાતી હતી.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

અમદાવાદ આર્મી રીક્રુટમેન્ટ ઓફીસ દ્વારા લશ્કરમાં જવાનોની ભરતી જોગ

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદ આર્મી રીક્રુટમેન્ટ ઓફીસ દ્વારા લશ્કરમાં જવાનોની ભરતી માટે ઓનલાઈન અરજીઓ કરવાની રહેશે. આ લશ્કરી ભરતીમેળો આગામી સપ્ટેમ્બરઓક્ટોબર ૨૦૧૫માં યોજાનાર છે. ઉમેદવારોએ આર્મીની વેબસાઈટ www.joinindianarmy.nic.in ની મુલાકાત લઈ તા. ૩૧મી જુલાઈ, ૨૦૧૫ થી તા. ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૫ દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે. તા. ૧૪મી થી તા.૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૫ની વચ્ચે ઉમેદવારોને આર્મી દ્વારા શારીરિક કસોટીઓ, તબીબી ચકાસણી માટેના કાર્યક્રમની વિગત ઈમેલ થી, મોબાઈલ મેસેજ મારફતે તથા તેમની વેબસાઈટ પરથી જાણકારી મળશે. ભરતીમેળો તા. ૨૯મી સપ્ટેમ્બર થી તા. ૧૬મી ઓક્ટોબર, ૨૦૧૫ દરમ્યાન યોજાનાર છે. ઓનલાઈન અરજી કરતી વખતે તથા અરજી કર્યા બાદ ઉમેદવારોએ જરૂરી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, વ્યક્તિગત વિગતો, ડોમીસાઈલ પ્રમાણપત્ર, કાયદેસરનું ઈમેલ આડી, તૈયાર રાખવું (આ ઈમેલ આઈડી પર ભરતીમેળાની તારીખ, સમય અને સ્થળ વિશે જાણકારી આપતું એડમીટ કાર્ડ મોકલવામાં આવશે.) ઉમેદવરોએ ભરતીમેળામાં ઉપસ્થિત થતી વખતે એડમીટ કાર્ડની પ્રિન્ટ આઉટ તથા જરૂરી પ્રમાણપત્રો, ફોટો આઈડી પ્રૂફની નકલ તથા પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ્સ લાવવાના રહેશે.

વધુ વિગત અમદાવાદ આર્મી રીક્રુટમેન્ટ ઓફિસના નંબર ૦૭૯ ૨૨૮૬૮૦૮૨ અથવા ૨૨૮૬૨૨૭૫ પરથી મેળવી લેવાની રહેશે. અન્યથા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવાનું રોજગાર અધિકારી(વ્ય.મા)એ અખબારી યાદીમાં જણાવ્યું છે.

પ્રેરણા વિદ્યાલયમાં લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૫-એ માં આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં લોકશાહી ઢબે ચૂંટણી યોજવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ચૂંટણી ફોર્મ ભરી, પ્રચાર-પ્રસાર કરી, મતદાન કર્યું હતું. દરેક વિદ્યાર્થીએ મતદાન કરી વર્ગ પ્રતિનિધિ ચૂંટયા હતા અને શાળાના જી.એસ. તથા એલ.આર.ની પણ પસંદગી કરવામાં આવી હતી.

ચૂંટણી કમિશનર તરીકે દિપીકાબેન શર્મા તથા જયંતીભાઈ ચૌધરીની નિમણુંક કરવામાં આવી હતી. ચૂંટણી માટે ઉમેદવારી નોંધવાની, ઉમેદવારી પત્રક ભરવાની, ચકાસણી કરવાની તેમજ ઉમેદવારીપત્રક પાછા ખેંચવાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ખુબ જ જોરશોરથી ચૂંટણી પ્રચાર કર્યો હતો.

ચૂંટણી દ્વારા વર્ગ પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલ વિદ્યાર્થીઓમાં ધો-૮માં મકવાણા આદિત્ય તથા શાહ હેલી, ધો-૯માં વાઘેલા ભાર્ગવ તથા ડાભી હેમાંગી, ધો-૧૦માં વાઘેલા જયેન્દ્રસિંહ તથા વાઘેલા નોહલ, ધો-૧૧ (કોમર્સ)માં પંડયા તિલક તથા મુનિયા કિંજલ તેમજ ધો-૧૧ (આર્ટસ)માં પરમાર જીગર તથા પટેલ રોમા ધો-૧૨ (કોમર્સ)માં શર્મા અભિષેક તથા ચૌહાણ ભૂમિ વિજેતા થયા હતા.

વર્ગ પ્રતિનિધિની ચૂંટણી બાદ વિજેતા પ્રતિનિધિમાંથી જી.એસ. અને એલ.આર. માટેની ચૂંટણી યોજાઈ હતી. જી.એસ. તરીકે શર્મા અભિષેક તથા એલ.આર. તરીકે ચૌહાણ ભૂમિ ચૂંટાયા હતા. ચૂંટાયેલા તમામ વિદ્યાર્થીઓને તેમનો કાર્યભાર સંભાળવા માટેની શપથવિધિ કરાઈ હતી. ચૂંટાયેલા વિદ્યાર્થીઓમાંથી મંત્રી મંડળની પણ રચના કરવામાં આવી હતી. જેમાં સાંસ્કૃતિક મંત્રી, ગૃહ મંત્રી, કાયદા મંત્રી, સહકાર મંત્રી, સફાઈ મંત્રી, પ્રવાસન મંત્રી, સૂચના અને પ્રસારણ મંત્રી, એજયુકેશન મંત્રી તેમજ રમત ગમત મંત્રીની નિમણુંક કરવામાં આવી હતી. તેમણે પણ પોતાની કામગીરી નિષ્ઠાપૂર્વક કરવા શપથ લીધા હતા. ચૂંટાયેલા તમામ વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી શ્રી નરેશભાઈ શાહ સાહેબ તથા શ્રી પ્રદિપસિંહ બિહોલા સાહેબ તથા આચાર્ય શ્રી મનિષભાઈ ખત્રીએ સમગ્ર પ્રેરણા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

શાળામાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૨૭

સે-૭ સ્થિત શ્રી જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળા કેમ્પસમાં વિવિધ પ્રકારના ઉપયોગી છોડનું રોપણ કરાયું હતું. કાર્યક્રમમાં આચાર્ય ચંદ્રિકાબેન ચૌધરી, શીતલબેન ચૌધરી, ઈજુબેન ચૌધરી સહિત વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. દરેક વિદ્યાર્થીએ એક એક વૃક્ષ દત્તક લીધું હતું.

મેં સરપંચને અનેક રજૂઆતો કરી છતાં પેટનું પાણી હલ્યુ નહિ

શિહોલી મોટીમાં વૃક્ષ કાપવા માટે રજૂઆતો કરી : વરસાદમાં વૃક્ષ પડતા બાઈકનો કચ્ચરઘાણ : શુ તંત્ર નુકશાની આપશે ?

ગાંધીનગર, તા. ૨૭

સાહેબ... મેં વરસાદ શરૂ નહોતો થયો તે પહેલા ગામના સરપંચને નડતરરૂપ ઝાડ કાપવા માટે રજૂઆત કરી હતી. છતાં પણ કોઈ જ પગલા ભરવામાં આવ્યા ન હતા. ત્યારે આજે આ જોખમી ઝાડ મારા બાઈક ઉપર પડતા બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો છે.

ગાંધીનગર તાલુકાના શિહોરી મોટી ગામના રહિશ પોપટજી ગલાજી ઠાકોરનો પાડાના વાંકે પખાલીને દંડ જેવો ઘાટ ઘડાયો છે. ચોમાસા પૂર્વે પોપટજીએ ગામના સરપંચને જોખમી ઝાડ કાપવા માટે રજૂઆત કરી હતી. ત્યારે સરપંચે જવાબદારીમાંથી હાથ ખંખેરતા જીઈબીવાળા કાપી જશે તેમ જણાવ્યું હતું.

આજે ધોધમાર વરસાદમાં ઝાડ પોટજીના ઘર આગળ પાર્કિંગ કરેલ બાઈક ઉપર પડ્યું હતું. ઝાડ પડતા બાઈકના કચ્ચરઘાણ નીકળી ગયો હતો. પોપટજીએ વીજ વાયરોની સાથે ઈલુ-ઈલુ કરતા ઝાડની ડાળીઓ કાપવા માટે પણ ચિલોડા જીઈબી ખાતે ફોન કર્યો હતો. પરંતુ જીઈબીમાં પણ ફક્ત પગાર લેવા આવતા કર્મચારીઓએ ફોન ઉપાડ્યો ન હતો.

શિહોલી ગામના પોપટજી ઠાકોરે ગ્રામ પંચાયતના સત્તાવાળાઓ સામે આક્ષેપ કર્યો છે કે જે લોકોએ જવાબદારીમાંથી હાથ ખંખેર્યા હતા તેઓએ નમી પડેલા ઝાડનો બારોબાર વહીવટ કરી નાખ્યો છે. જે વૃક્ષનું દિવસો પહેલા વિચારવામાં આવ્યુ ન હતુ તેને ગણતરીની મિનિટોમાં કઠિયારો મોકલી સાફ કરી નંખાયું.

વધુમાં કહ્યું છે કે તંત્ર હજુ સુધી ઘટનાસ્થળે પહોંચ્યું નથી. જો સમયરર વૃક્ષનું ટ્રીમીગ કરવામાં આવ્યુ હોત તો આજે મારૂ બાઈક નવુ નક્કોર હોત. રજૂઆતો ન સાંભળનાર તંત્ર શુ મારૂ નુકશાન આપશે ?

કારગીલ દિવસની ઉજવણી કરાઈ

ભારત પાકિસ્તાન વચ્ચે વર્ષ ૧૯૯૯માં કારગીલ યુધ્ધ થયું હતું. જેમાં ભારતના સૈનિકોએ પાકિસ્તાની સૈનિકોને ધૂળ ચટાડી વિજય હાંસિલ કર્યો હતો. કારગીલ યુધ્ધની યાદમાં 'કારગીલ વિજય દિવસ' મનાવવામાં આવે છે. એલડીઆરપી કોલેજમાં એન.સી.સી. કેડેટસ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. એન.સી.સી. કેડેટસ દ્વારા કારગીલ ૧૯૯૯ એક ડોકયુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના એન.એસ.એસ. વિદ્યાર્થીઓ સહિત કોલેજના આચાર્ય, પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતાં.

ભાજપા કિસાન મોરચાનો બે દિવસીય 'વક્તા પ્રશિક્ષણ વર્ગ'નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ શ્રી બાબુભાઈ જેબલીયાની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા ઉપરાંત અન્ય પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી મનસુખભાઈ માંડવીયા, શ્રી કે.સી. પટેલ, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, રાષ્ટ્રીય કિસાન મોરચાના ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી અને રાષ્ટ્રીય કિસાન મોરચાના મહામંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફીયાની ઉપસ્થિતિમાં કિસાન મોરચાના બે દિવસીય વક્તા પ્રશિક્ષણ વર્ગનો આજરોજ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે યોજાયેલ આ વર્ગમાં રાજયભરમાંથી આવેલા કિસાન મોરચાના પદાધિકારીઓને પ્રદેશ કિસાન મોરચા અધ્યક્ષ શ્રી બાબુભાઈ જેબલીયાએ આવકાર્યા હતા. પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ કિસાનોના હિત માટે સૌએ કાર્યરત ભાજપાની રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના કામો તથા મુશ્કેલીના સમયે પડખે ઉભા રહેવાના વિવિધ પ્રસંગોનો ઉલ્લેખ કરી ભાજપાની વિચારધારાને આગળ ધપાવવાની હાંકલ કરી હતી તેમજ પ્રદેશ મહામંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતુ. વર્ગમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કિસાનોને ઉપયોગી યોજનાઓ અને કિસાન મોરચાના કાર્યને સવિસ્તારથી સમજાવ્યું હતું.

કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ ગામે ગામ સુધી કિસાન મોરચાનું કાર્ય પહોંચે તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

આ વક્તા પ્રશિક્ષણ વર્ગમાં આવતીકાલે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, કિસાન મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી વિજયપાલસિંહ તોમર અને રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

રાજપૂત હિતરક્ષક સમિતિએ અનામત પ્રથામાં પુનઃ વિચારણાની માંગ કરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના રાજપૂતોની સંસ્થા ગુજરાત રાજપૂત હક રક્ષક સમિતિ દ્વારા પાટીદાર સમાજના અનામત આંદોલનને સૈધ્ધાંતિક ટેકો આપતા શિક્ષણમાંથી તમામ પ્રકારની જ્ઞાતિવાદી અનામત પ્રથા દૂર કરવાની માંગ કરી છે. આ સાથે સમિતિએ તમામ જ્ઞાતિના માત્ર આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને જ અનામતનો લાભ આપવા અનુરોધ કર્યો છે.

અખંડ ભારતના નિર્માણ માટે રાજપૂતોએ પોતાનું સર્વસ્વ બલિદાન કર્યું હોવાનું જણાવતા હિતરક્ષક સમિતિએ આઝાદીના ૬૬ વર્ષે રાજપૂતો ઠગાયેલા હોવાનો અહેસાસ કરી રહ્યા હોવાનું જાહેર કર્યું છે. રાજપૂતોની ૨૦ ટકા જેટલી વસતી છે અને અગાઉ સંરક્ષણના કામેમાં સંકળાયેલા હોવાના આધારે પોલીસ, ફોરેસ્ટ, બીએસએફ, લશ્કર, નેવી, આરટીઓ વગેરેમાં ૭૫ ટકા અનામત મળવી જોઈએ તેવી માંગ કરી છે. આ સાથે આઝાદીના ૬૬ વર્ષે હવે અનામત પ્રથામાં બદલાવ જરૂરી હોઈ માત્ર આર્થિક રીતે જરૂરિયાત ઉમેદવારને જ અનામતનો લાભ આપવાનો માપદંડ નક્કી કરવા પુનઃ વિચારણાની માંગ કરી છે.

અરિહંત ફાર્મસી કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

અડાલજ સ્થિત અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીચર્સ ઈન્સ્ટીટયુટ ખાતે પ્રથમ વર્ષ બી.ફાર્મના વિદ્યાર્થીઓ માટે 'પ્રારંભ' ઓરીએન્ટેશન પ્રોગ્રામ ૨૦૧૫નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ફાર્મસીના એસોસીએટ પ્રોફેસર ડૉ. મનીષ રાંછ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે જે વિદ્યાર્થીઓએ જીટીયુ માં રેન્ક મેળવેલ હતો તેમને ચાંદીનો સિક્કો અને સર્ટીફીકેટ આપવામાં આવેલ હતા. ફાર્મસીમાં આ વર્ષે વધુ પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓનો ઉલ્લેખ કરી ફાર્મસી ક્ષેત્રે વધુ ઉજ્જવળ કારકિર્દી હોવાની વાતને સમર્થન આપ્યું અને આશીર્વચન આપ્યા હતા. ઉપરાંત તેમને ભણતરને માત્ર ડીગ્રી સર્ટીફીકેટ માટે નહિ કરતા જીવનમાં તેને ઉતારવાની નવા વિદ્યાર્થીઓને સલાહ આપી હતી. સંસ્થાના ચેરમેન ઋષિભ જૈને જીવન ઘડતરમાં માતા પિતાના મહત્વનો ઉલ્લેખ કરતા દરેક વિદ્યાર્થીઓ પાસે માતા પિતાની સેવા કરવાનો સંકલ્પ કરાવ્યો હતો. આ કાર્યક્રમના સમાપનમાં ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

સંસ્થા દ્વારા નવા વિદ્યાર્થીઓ માટે પ્લાન્ટેશન ડ્રાઈવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિદ્યાર્થીએ સંસ્થાના પરિસરમાં જ લગભગ ૫૦૦ જેટલા ઔષધીય ગુણ ધરાવતા છોડનું વાવેતર કર્યુ હતું. તેમજ તેના ઉછેરની જવાબદારી પણ જાતે જ કરવાનો નિર્ધાર કર્યો હતો.

રાંધેજા ફાટક પાસે આવેલ 'રામવાડી' ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ભારતીય સંસ્કૃતિમાં ગુરૂનું મહત્વ ખૂબ જ છે. દરેક વ્યકિતને એક ગુરુ હોય છે. ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલ વેસ્ટર્ન બાયો વેજીટેબલ સીડ્સ પ્રા.લિ. 'રામવાડી' રાંધેજા ફાટક પાસે ૩૧ જુલાઈ ગુરૂપૂર્ણિમાના દિવસે ધામધૂમથી મહોત્સવ યોજાશે. જેમાં ગુરૂ પૂર્ણિમા મહોત્સવ, પ્રાણ પ્રતિષ્ઠા, પર્જન્ય યજ્ઞ અને ભજન સંધ્યા કાર્યક્રમ યોજાશે.

૩૧ જુલાઈ ગુરૂપૂર્ણિમાના દિવસે સવારે ૮.૩૦ કલાકે ગુરૂ પૂજન, સવારે ૯.૩૦ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, સવારે ૧૦-૦૦ કલાકે પર્જન્ય યજ્ઞ, સાંજે ૪-૦૦ વાગે શ્રી ફળ હોમાશે અને રાત્રે ૮.૩૦ કલાકે ભજન સત્સંગ કાર્યક્રમ યોજાશે.

બીબીએ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો ઓરિએન્ટેશન રંગારંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલયની બીબીએ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ આજે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ પ્રસ્તુત કર્યા હતા.

કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને તેમણે 'સ્વ'નો નવો વિચાર આપ્યો હતો. આ વિચાર મુજબ ત્રણ 'વ' વાણી, વર્તન અને વકતવ્ય સાથે ત્રણ 'સ' સુદૃઢ, સુસજ્જ અને સુવિચારનો સંગમ સમજાવ્યો હતો. પોતાના કોલેજ જીવનની યાદોને વાગોળતા તેમણે વિદ્યાર્થીઓને



શીખ આપી હતી કે 'અખૂટ આત્મવિશ્વાસ એ વિદ્યાર્થી વિકાસનો પાયો છે અને જેનામાં આત્મ વિશ્વાસ છે તેને જ સફળતા મળે છે.' કાર્યક્રમના પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ રમાકાંત પુષ્ટિએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને વિદ્યાર્થીઓને ધ્યેય લક્ષી જીવન જીવવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના જે વિદ્યાર્થીઓએ ગત વર્ષે ટીસીએસ અને સ્કોપની તાલીમ મેળવી હતી તેમને પ્રમાણપત્રો એનાયત કરાયા હતાં. પ્રાધ્યાપિકા માર્ગી દેસાઈએ કોલેજના પ્લેસમેન્ટ અને ઈન્ટર્નશીપ કાર્યક્રમની માહિતી આપી હતી. તેમજ પ્રાધ્યાપક ડૉ. જયેશ તન્નાએ આભારવિધિ કરી હતી.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ ૩૪ કૃતિઓ સાથે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો જેમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પરફોર્મન્સના આધારે વિદ્યાર્થીની ઝલક વ્યાસને મિસ પ્રારંભ અને વિદ્યાર્થી હર્ષ શાહને મિસ્ટર પ્રારંભનું બિરુદ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પણ વિદ્યાર્થીઓએ જાતે જ કર્યું હતું. જેમાં તેમને ડૉ. નિરવ જોષીનું માર્ગદર્શન સાંપડયું હતું.